ક્રમાંક:યોજના/રાષ્ટ્રીય એકતા/૨૦૧૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બહુમાળી ભવન,ભાવનગર.
તા.૨૫/૧૦/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

વિષય : સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧ ઑક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી થતા રાષ્ટ્રીય એકતા દિવસના શપથ માટેના આયોજન કરવા બાબત

સંદર્ભ : કલેક્ટર અને જિલ્લા મિજિસ્ટ્રેટની કચેરી,ભાવનગરનાં પત્રાંક વહટ-૩/વશી/એકતા દિવસ/૨૦૧૮ તા.૨૨-૧૦-૨૦૧૮

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મતિથી ૩૧ ઑક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી થયેલ છે. જે અંતર્ગત આગામી તા.૩૧-૧૦-૨૦૧૮નાં રોજ જિલ્લા કક્ષાએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવા અંગેનું આયોજન કરવા જણાવેલ છે. આ શપથનો નમુનો આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે અને તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ :- ઉપર મુજબ

<u>નકલ રવાના અમલવારી સારૂ :</u>
શિક્ષણ નિરિક્ષકશ્રીઓ/મ.શિ.નિ.શ્રીઓ
એસ.વી.એસ. તમામ
સદર કચેરી

Scanned by CamScanner

સત્યમેવ જયતે

STATUE OF UNITY
"એક ભારત શ્રેષ્ઠ ભારત"
એકતા યાત્રા

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી
વહીવટી શાખા, જિલ્લા સેવા સદન-૧,
પહેલોમાળ,મોતીબાગ,ભાવનગર : ૩૬૪૦૭૧
ફોન : ૦૨૭૮-૨૪૨૭૭૫૬ ફેકસ : ૨૪૨૭૯૪૧
ઈ-મેઈલ: adm_bav@yahoo.com

વહટ-૩/વશી/એકતા દિવસ/૨૦૧૮ તા.૨૨/૧૦/૨૦૧૮

પ્રતિ

(૧) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી , ભાવનગર
(૨) નાયબ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર
(૪) પ્રાંત અધિકારીશ્રી, ભાવનગર/ પાલીતાણા/ મહુવા/ તળાજા/ શિહોર
(૪) નાયબ કલેકટરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, ભાવનગર
(૫) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર
(૬) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર
(૭) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર
(૮) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એલ.આઇ.બી., ભાવનગર
(૯) મામલતદારશ્રી, ભાવનગર સીટી/ભાવનગર ગ્રામ્ય/ શિહોર/ઘોઘા/ તળાજા/પાલીતાણા/ ઉમરાળા/ ગારીયાધાર/મહુવા/ વલ્લભીપુર/ જેસર

વિષય- શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મતિથિ ૩૧ ઓકટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું નકકી થતાં રાષ્ટ્રીય એકતા દિવસના શપથ માટેના આયોજન કરવા બાબત

સંદર્ભ- સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુ.રા, ગાંધીનગરના પત્રનં- એસએજી/૧૦૨૦૧૮/૧૬૬૨/બ તા.૨૨/૧૦/૨૦૧૮

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સંદર્ભ પત્રથી શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મતિથિ ૩૧ ઓકટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે અંતર્ગત આગામી તા-૩૧/૧૦/૨૦૧૮ ના રોજ જિલ્લા કક્ષાએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં તમામ શાળાઓ, કોલેજો, સંસ્થાઓ અને સરકારી તેમજ ખાનગી કચેરીઓમાં રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવા અંગેનું આયોજન કરવા જણાવેલ છે સબબ આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

બિડાણ- ઉપર મુજબ

કલેકટર
ભાવનગર વતી

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર.
આવક નં. ૫૫૦૫
તારીખ : ૨૪/૧૦/૧૮
શાખા : ......

Scanned by CamScanner

વી.પી.પટેલ આઈ.એ.એસ.
સચિવ

સત્યમેવ જયતે

એસએજી/૧૦૨૦૧૮/૧૫૫૨/બ
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૨, આઠમો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
તા. ૨૨/૧૦/૨૦૧૮

પ્રતિ,

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (તમામ)

(૨) પોલીસ કમિશ્નરશ્રી (તમામ)

(૩) કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી

(૪) પોલીસ અધિક્ષકશ્રી (તમામ)

માનનીય ગૃહ મંત્રીશ્રી, ભારત સરકારનો પત્ર ડી.ઓ. નં.૧-૧૯૦૩૪/૨૦૧૮-એનઆઇ-આઇઆઇ નો માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર વંચાણે લેવા વિનંતી છે. ( નકલ સામેલ છે. )

સરદાર વલ્લભભાઇ પટેલની જન્મતિથિ ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું ભારત સરકાર ધ્વારા નક્કી થયેલ છે. આગામી તારીખઃ-૩૧.૧૦.૨૦૧૮ ના રોજ જિલ્લા કક્ષાએ નીચે મુજબના કાર્યક્રમો યોજવા માટે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) તમામ શાળાઓ, કોલેજો, સંસ્થાઓ અને સરકારી તેમજ ખાનગી કચેરીઓમાં રાષ્ટ્રીય એકતા દિવસના શપથ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવું. રાષ્ટ્રીય એકતા દિવસના શપથ અંગેનો મુસદ્દો આ સાથે સામેલ છે.

(૨) સમાજના તમામ વર્ગને આવરી લઇને જિલ્લા મથકે "રન ફોર યુનિટી" નું આયોજન કરવું .

(૩) દેશની એકતા અને સલામતીની ભાવના લોકોમાં પ્રબળ બને તે માટે રાજયની પોલીસ અને અન્ય એજન્સીઓ ધ્વારા તારીખઃ-૩૧.૧૦.૨૦૧૮ ના રોજ સાંજે "માર્ચ પાસ્ટ" નું આયોજન કરવું.

( વી. પી. પટેલ )
સચિવ

Scanned by CamScanner

D.O.No.I-19034/03/2018-NI-II

गृह मंत्री
भारत
नई दिल्ली-110001
HOME MINISTER
INDIA
NEW DELHI-110001

राजनाथ सिंह
RAJNATH SINGH

NO. CMS G01/371
11 SEP 2018

CPStoCM
Home dept
Dear Shri Vijaybhai R. Rupani ji,
MoS(Home)
CS
ACS(Home)
ACS(Pers)

The Government observes **31st October** all over the country as a special occasion, to foster and reinforce our dedication to preserve and strengthen the unity, integrity and security of our nation, by celebrating it as **Rashtriya Ekta Diwas (National Unity Day)** to commemorate the **birth anniversary of Sardar Vallabhbhai Patel.**

2. The occasion provides us an opportunity to re-affirm the inherent strength and resilience of our nation to withstand the actual and potential threats to the unity, integrity and security of our country.

3. I, therefore, request you to give appropriate directions and guidance to all concerned so that the Rashtriya Ekta Diwas (National Unity Day) could be celebrated in a befitting manner on **31st October, 2018**. A Pledge taking ceremony may be organized to mark the occasion. The text of the **"Rashtriya Ekta Diwas"** pledge is enclosed.

4. A **"Run for Unity"** may also be organized at the State/District Headquarters, involving people from all sections of the society, so that a message of national unity permeates every part of the nation and the society.

5. In order to boost sentiments of unity, integrity and security of our nation, a **March Past** may be organised in the evening of 31st October by the State Police and other agencies.

**With regards,**

Yours sincerely

(Rajnath Singh)

Adv. copy to:
CS
ACS(Home)
ACS(Pers)GAD
DS(Coord.)
AS
11/9
AS PCV
12/9/18

**Encl: as above.**

1769-E1
14-9-18

**Shri Vijaybhai R. Rupani,**
Chief Minister of Gujarat,
3rd Floor, Swamim,
Sankul-1, New Sachivalaya,
**Gandhinagar- 382 010 (Gujarat).**

Office : Room No. 104, Ministry of Home Affairs, North Block, New Delhi-110 001

Scanned by CamScanner

# <u>રાષ્ટ્રીય એકતા દિવસ શપથ</u>

હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરીશ અને મારાં દેશવાસીઓમાં પણ આ સંદેશ ફેલાવવાનો પૂરો પ્રયત્ન કરીશ. હું આ શપથ મારા દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છું જે સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી અને કાર્યો થકી સંભવ બની છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારું પોતાનું યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું.

Scanned by CamScanner